Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-22 |January – March 2016

# અર્થશાસ્ત્રમાં વિદ્યા ઉપાર્જન અને વિનય

ભારતીય પરંપરામાં "वसुधैव कुटुम्बकम्" ની ભાવના હંમેશા જીવીત રહી છે. આથી જ અધ્યાત્મ વિદ્યાની સાથે સાથે આર્થિક, સામાજિક અને રાજનૈતિક વિચારોને પણ જુદા જુદા ગ્રંથોરુપે પ્રગટ કરવામાં આવ્યા. રાજનિતિએ સમગ્ર વિશ્વને સ્પર્શનારી રહી છે. સંસ્કૃત સાહિત્યમાં રાજનીતિને લગતા જે ગ્રંથો લખાયા એમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર સૌનું ધ્યાન ખેંચે છે. જો કે વેદ, બ્રાહ્મણગ્રંથો, ધર્મસૂત્રો, પુરાણોમાં રાજનીતિ વિશેના વિચારો હતા. પરંતુ અર્વાચીન યુગને દઢ રીતે સ્પર્શે એવું કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ગણી શકાય.

"અર્થશાસ્ત્ર" ની વ્યાખ્યા પણ કૌટિલ્ય વિશેષ રીતે આપે છે કે, મનુષ્યોનો જેના વડે નિર્વાહ થાય છે તે 'અર્થ' છે. જે ભૂમિમાં મનુષ્યો વસે છે, તે ભૂમિને પણ 'અર્થ' કહેવાય છે. (અને તેથી) પૃથિવી મેળવવા માટે તથા તેનું પાલન કરવા માટે જે શાસ્ત્ર સાધન મેળવી આપે છે. તે 'અર્થશાસ્ત્ર' કહેવાય છે. (1) કૌટિલ્યના અર્થશાસ્ત્ર પહેલાં પણ રાજનીતિ  પ્રસ્તુત કરતું સાહિત્ય રચાયું હતુ. આથી જે કૌટિલ્ય પોતાના ગ્રંથમાં વાતવ્યાધિ, કૌણપદ્‌ન્ત, વિશાલાક્ષ, પરાશર, પિશુન, પરાશર જેવા અનેક પૂર્વાચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. જે તેમનો પોતાનો પણ અભ્યાસ સૂચવે છે. આજ પ્રમાણે કૌટિલ્ય પછીના સમયમાં રચાયેલ સાહિત્ય ઉપર અર્થશાસ્ત્ર તેની પ્રતિભા પ્રસ્થાપિત કરે છે. જેમ કે, કામંદકીય નીતિસારમાં વિષ્ણુગુપ્તને આચાર્ય કામંદકે નમસ્કાર કરતાં કહ્યું છે કે, "समृद्धे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे ।" આ ઉપરાંત સોમદેવના નીતિવાક્યમૃત ગ્રંથમાં, કથાસરિત્સાગરમાં, પંચતંત્રમાં વિશાખદત્તના મુદ્રારાક્ષસ નાટકમાં, દંડીના દશકુમારચરિતમાં યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં અગ્નિપુરાણ મત્સ્યપુરાણમાં હેમચંદ્રાચાર્યના લધ્વર્હનીતિ, ચંડેશ્વરકૃત નીતિરત્નાકરમાં, બૌદ્ધ જાતક કથામાં અનેક જગ્યાએ અર્થશાસ્ત્રના વિચારોનું પ્રતિબિંબ સ્પષ્ટ જણાય છે એટલે કૌટિલ્યએ જેમ પૂર્વાચાર્યોના જ્ઞાન સાગરનો લાભ લીધો છે. એમ પશ્ચાતકાલીન સાહિત્યને પણ સમૃદ્ધ કર્યું છે.

કૌટિલ્ય અર્થશાસ્ત્રની શરુઆત विनयाधिकरण થી કરી છે. તેમાં વિદ્યા-ઉપાર્જન અને વિનય બેનો સમાવેશ કર્યો છે. વિદ્યા ઉપાર્જનથી કાર્ય સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અને વિનયથી મનુષ્ય-ખાસ કરીને રાજનિતીનું મુખ્ય પાત્ર રાજા, રાજપુત્રો, અમાત્ય, મંત્રી, ગુપ્તચર, વગેરેનું ચારિત્ર્ય ઘડતર થાય છે. તેમજ વિનયની શુભાશુભ અસરો બાકીના જનસમજ ઉપર પડે છે. તેના ફળરુપે રાષ્ટ્રનીતિ અને પ્રજાનીતિ એકબીજાને ઓતપ્રોત રહી શકે છે. વિદ્યાઉપાર્જનમાં કૌટિલ્યે ત્રણ વિદ્યાઓ અને તેની પ્રાપ્તિ સૂચવી છે. વિદ્યા ઉપાર્જન પછી

રાજાના કર્તવ્યો-વિનય સૂચવ્યા છે. જેમકે રાજાનું ઇન્દ્રિયજય બનવું, પુરોહિત, અમાત્ય, મંત્રી, ગુપ્તચર, રાજવૈદ્યની નિમણૂંક કરવી, રાજપુત્રોનો ઉછેર યોગ્ય રીતે કરવો, મંત્રણા કરવી અને રાજાએ પોતે પણ સચેત રહેવું. જેથી રાજા પ્રજા સુશાસિત રાજ્ય સમૃદ્ધિ ભોગવે અને સીમાઓની સુરક્ષા પણ જળવાય.

સૌ પ્રથમ આપણે વિદ્યા-ઉપાર્જન વિશે વિચારશું. કૌટિલ્યે આન્વીક્ષિકો, ત્રયી (વૈદત્રય), વાર્તા (કૃષિ, પશુપાલન, વાણિજ્ય) તથા દંડનીતિ (રાજનિતી) એમાં ચાર પ્રકારની વિદ્યાઓં ગણાવી છે(2) આ ચારેય વિદ્યાઓનું વિદ્યાત્વ એટલે કે, જેથી ધર્મ-અધર્મનું જ્ઞાન થવું.(3) આન્વીક્ષિકી વિદ્યામાં સાંખ્યશાસસ્ત્ર, યોગશાસ્ત્ર, લોકાયતશાસ્ત્રનો સમાવેશ થાય છે. આ પ્રથમ આન્વીક્ષિકી બધી વિદ્યાઓનો દીપક, બધા કાર્યોનું સાધક અને બધા પ્રકારના વૈદિક તથા લૌકિક ધર્મોની આશ્રયસ્વરુપા માનવામાં આવી છે.(4) ત્રયીમાં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, તેમજ અર્થવવેદ અને મહાભારતાદિ ઇતિહાસને પણ ગણવામાં આ્યા છે. વાર્તામાં કૃષિ, પશુપાલન, વાણિજ્ય દ્વારા અર્થ-અનર્થનું નિરુપણ છે. જોકે આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા આ ત્રણેય વિદ્યાઓનું સંચાલન એ દંડનીતિ કરે છે. જે રાજાસક્ષમ જય કરવા તત્પર હોય તેણે દંડનતીનો જ આશ્રય કરવો પડે છે.(5) બધાના યોગક્ષેમનું વહન કરનારી આ દંડનીતિ વિનય અર્થાત્ શિક્ષા ઉપર આધાર રાખીને ચાલે છે. વિનય બે પ્રકારનો હોય છે. એક પરિશ્રમ પ્રાપ્ત અને બીજો સ્વાભાવિક(6). આ વિદ્યા જ વિનય (શિક્ષા) આપી શકે બીજું નહી. (विद्या विनयति नेतरम् ।)

ત્યારપછી વિદ્યાની શરુઆત કેવી રીતે કરવી તે માટે કૌટિલ્ય કહે છે કે, મુંડન સંસ્કાર થઇ ગયા પછી બાળક અક્ષરો લખવાની અને ગણતરી કરવાનો અભ્યાસ શરુ કરી દે છે. ઉપનયન પછી ત્રયી અને આન્વીક્ષિકી વિદ્યા વિદ્વાનો પાસે જઇને મેળવે છે. ત્યાર પછી વાર્તા કે જેમાં કૃષિ-વાણિજ્ય વગેરે આવે છે. તે મોટા રાજ્યના અધિકારીઓ પાસેથી મેળવે છે. તેમજ દંડનીતિ પ્રવચનકુશળ અને પ્રયોગકુશળ નીતિજ્ઞ આચાર્યો પાસેથી શીખે છે(7) વિદ્યાર્થી ઓછામાં ઓછુ 16 વર્ષ સુધી વિદ્યા મેળવે, બ્રહ્મચર્યનું પાલન કરે અને પછી વિવાહ યોગ્ય બને છે. વિદ્યાર્થી દિવસના પ્રથમ ભાગમાં હસ્તિવિદ્યા, અશ્વવિદ્યા, રથવિદ્યા અને શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખે, દિવસના બાકીના ભાગમાં ઇતિહાસ, પુરાણાદિ સાંભળે, રાત્રીના સમયે મેળવેલ જ્ઞાનનો વિચાર વિમર્શ કરે, કારણકે, આવો ભવિષ્યનો સુશુક્ષુત રાજા જ એકછત્ર શાસન સ્થાપવામાં સક્ષમ બને છે.

આ સમગ્ર શિક્ષણ પદ્ધતિ દરમ્યાન વિદ્યા આપનાર આચાર્ય દક્ષિણા મેળવે છે. **ધર્મસ્થીય** – અધિકરણમાં નિરુપણ છે. તે પ્રમાણે વિદ્વાન આચાર્ય યજ્ઞકાર્ય દ્વારા પણ ઉચ્ચિત દક્ષિણા મેળવે છે. ટૂંકમાં જે વ્યક્તિ વિદ્યાસંપન્ન છે. તેને આજીવિકા માટે પોતાના સામર્થ્ય ને કારણે પરતન્ત્ર રહેવું પડતું નથી.(8) આવા આચાર્યો પોતાના શિષ્યમંડળો સ્થાપતા એ સ્વાભાવિક છે. આ ઉપરાંત જ્યારે અગ્નિશાળામાં જઇને રાજા વૈદ્યોનું (વેદજ્ઞ બ્રાહ્મણ )કાર્ય જુએ. ત્યારે તેની સાથે પુરોહિત તેમજ (વેદરી બ્રાહ્મણ) આચાર્ય હોય અને તે તેમનું

પ્રણામાદિથી સન્માન કરે. જ્યારે તપસ્વી ગુપ્તચરોના કાર્યનું નિરીક્ષણ થતું હોય , ત્યારે પણ ગુપ્તચરો ત્રયીવિદ્યાના જાણકાર છે, એ જાણીને તેમને પણ સન્માને તેમજ રાજા એકલો ક્યારેય તેમના કાર્યનું નિરીક્ષણ ન કરે.[9] આ પદ્ધતિ જોતાં એટલું સમજાય કે રાજ્યનું શાસન કરનાર અધિપતિ રાજા પણ વિદ્યાસામર્થ્ય આગળ નતમસ્તક હતો. તેથી વિદ્યાકીય પ્રગતિનું સાતત્ય જળવાઇ રહેતું.

હવે વિનય નિરુપણમાં મુખ્યત્વે રાજાનું ઇન્દ્રિયજયી હોવું, પુરોહિત, આમાત્ય મંત્રી, ગુપ્તચર, રાજવૈદ્યની પસંદગીમાં વિવેક કેળવવો, રાજપુત્રોનો ઉછેર અને સચેત રાજાના કર્તવ્યોને જોઇશું.

શિક્ષિત થયેલ રાજાએ ઇન્દ્રિયજય મેળવો જોઇએ કારણે તે જ વિનયનો હેતુ છે. કામ, ક્રોધ, લોભ, માન, મદ, હર્ષનો યોગ્ય ત્યાગ કરવાથી ઇન્દ્રિય જય થાય છે. ત્યાર પછી વિદ્યાવૃદ્ધજનો પાસે જઇ રાજા પોતાની બુદ્ધિ વિકસિત કરે છે[10]

રાજ્યમાં પુરોહિતોનું સ્થાન પણ અત્યંત પૂજ્ય ગણાતું, અત્યંત ઉચ્ચકુળમાં જન્મેલ સદાચાર સમ્પન્ન, દૈવ વિપત્તિઓ અને શુકનશાસ્ત્રના જણકાર, દંડનીતિમાં નિપુર્ણ આપત્તિઓ અથર્વ વેદોક્ત મંત્રોનો પ્રયોગ કરનાર વ્યક્તિને રાજા પુરોહિત પદે સ્થાપતા. જેમશિષ્ય ગુરુને, પુત્ર પિતાને અને સેવક સ્વામીને માન આપેછે. એવો સંબંધ રાજા અને પુરોહિત નો રહેતો .પુરોહિત દ્વારા કેળવાય્લા મંત્રીઓની મંત્રણાથી કાર્યોથી ક્ષત્રિયો શસ્ત્રો વિનાજ અસભ્ય વસ્તુ પણ પ્રાપ્ત કરી શકે છે.[11]

પુરોહિત પછી અગત્યનું સ્થાન સ્થાન અમાત્યનું છે. જુદા જુદા ઉન્નત પદો પ્રાપ્ત કરવાની યોગ્યતા જોઇને, કાર્ય સામર્થ્ય શક્તિ જોઇને, ગુપ્ત રીતે વ્યક્તિની પરીક્ષા કરીને અમાત્યપદ આપવામાં આવતું હતુ. જેમ એક પૈડાથી રથ ચાલી શકે નહી. એમ એકલો રાજા રાજ્ય ચલાવી શકે નહી. આથી અમાત્ય વગેરેની નિયુક્ત તેણે કરવી યોગ્ય છે.[12] રાજાના અગત્યના સાધન તરીકે ગુપ્તચરોની નિયુક્ત કરવામાં આવતી. આ ગુપ્તચરો પાસેથી એક જગ્યાએ રહીને રાજા માહિતી મેળવી શકતો. રાજા ગુપ્તચરનું ભરણ પોષણ કરતો. સામે પક્ષે ગુપ્તચર પણ સામુદ્રિકાદિ લક્ષણશાસ્ત્ર, ષડન્ગશાસ્ત્ર,. બાજીગરી, આશ્રમધર્મ, શુકનવિદ્યા વગેરેનો જ્ઞાતા રકહેતો. ગુપ્તચરના પ્રકારો પણ આપવામાં આવ્યા છે કે, જેવા કે कायपतीकक – કપટવૃત્તિનો છાત્ર, उदास्थित – ઉદાસીન સન્યાસી, गृहपति – ગૃહસ્થ, वैदेहक – વણિક, तापस – तपस्वी, सत्री – શાસ્ત્રજ્ઞ, तीक्ष्ण – સાહસી પુરુષ, रसद – વિષય આપનાર, भिक्षुक – सन्यासी જેવા ગુપ્તચરો પસંદ કરવામાં આવતા. આથી ગૃહયુદ્ધ કે બહારના આક્રમણની રાજાને તરત જ  જાણ થાય. રાજ્યની ગતિવિધિ ઉપર રાજાની તીક્ષ્ણ નજર રહે. [13]

રાજ્યમાં ત્રણ કે ચાર મંત્રીઓ મળીને દેશ, કાલ., કાર્ય અનુસાર મંત્રણા કરતા, જેમાં સ્વદેશ – પરદેશમાં કૃત્ય તથા અકૃત્ય પુરુષોને વશમાં રાખવા, રાજ્ય સંબંધી કાર્યોની અન્યોન્ય ચર્ચા કરવી જેવી બાબતોનો સમાવેશ થતો હતો. જેથી મંત્રીઓ પણ તમામ કાર્યને સમજે, સંગઠીત થઇને કાર્ય કરે.(14)

આમ, રાજાએ પોતાના રાજ્યને સુશાસિત કરવા માટે પુરોહિત, મંત્રી, અમાત્ય, ગુપ્તચરોની સેવા લેવી જોઇએ. સાથે સાથે પોતાના અને સેવકના કાર્ય પ્રત્યે પણ સચેત રહેવું જોઇએ. જો રાજા સચેત રહે તો અન્ય મદદ કરનારા પાત્રો પણ પ્રમાદી થઇ જાય. કૌટિલ્યના મતે રાજાએ આથી જ હંમેશા ઉદ્યમી રહેવું, કારણ કે તે એક વ્રત છે. રાજા વ્યવહારનો નિર્ણય કરે તે યજ્ઞ છે, બધાની સાથે સમાન વ્યવહાર કરે એ તેની દક્ષિણા છે, પ્રજા સુખે સુખી રાજા માટે પ્રજાનું હિત થતાં રાજાનું પણ હિત થાય છે. જે પ્રજાને પ્રિય હોય તે રાજાને માટે હિતકારી હોય છે. આથી હંમેશા કર્મશીલ રાજા અર્થ અને કાર્યનો નિર્ણય કરે, કારણ કે અર્થ (રાજનીતિ) નું મૂળ જ કર્મશીલતા છે.(15)

આમ, ઉપર્યુક્ત બાબતોમાં વિદ્યા પ્રાપ્તિ અને વિનયના જુદા જુદા રાજ્ય સંબંધીત પાસાઓ વિશે આચાર્ય, કૌટિલ્યના વિચારો જોયા. હવે આધુનિક યુગના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો તેની ઉપયોગીતા આજે પણ છે જ. જેમકે, કૌટિલ્ય જણાવે છે કે, ત્રયીમાં ઉલ્લેખિત વણાશ્રમ પ્રમાણે સ્વધર્મનું પાલન કરવાથી સ્વર્ગ, મોક્ષ સુધીની પ્રાપ્તિ થાય છે. પરંતુ સ્વધર્મનું ઉલ્લંઘન કરવાથી લોકો કર્મસંકર તથા વર્ણસંકર થઇને હંમેશા નષ્ટ થાય છે.(16) તે જ રીતે અત્યારના યુગમાં પડોશી દેશોની એક બીજામાં ઘુણસખોરી, ત્રાસવાદ, વગેરે, આજ કર્મસંકરપણુ, તેમજ વર્ણસંકરતા સ્થાપિત કરી રહ્યા છે.

કૌટિલ્ય જણાવે છે કે, દંડનિતી એ આન્વીક્ષિકી , ત્રયી, વાર્તા એમ ત્રણેય વિદ્યાઓનું સંચાલન કરે છે. દંડનીતિ (રાજનીતિ) એ અપ્રાપ્ત વસ્તુઓને પ્રાપ્ત કરાવે છે. જે પ્રાપ્ત થયેલ છે. તેની રક્ષા કરે છે. તે રક્ષિત વસ્તુને વધારે છે. વધેલી સમૃદ્ધિનો ઉપયોગ કરે છે. લોકયાત્રા એટલે કે, સામાજિક વ્યવહાર પણ આ દંડનિતી (રાજનીતિ) ઉપર આધાર રાખે છે.(17) અત્યારના સમયમાં પણ બે દેશો વચ્ચે થતાં સરંક્ષણ વેપાર. પર્યાવરણ, અંગેના થતા કરારો, રાજ્યમાં રજૂ થતી જુદી જુદી વિકાસલક્ષી યોજનાઓ વગેરે દંડનીતિ (રાજનીતિ) ના સારા પરિણામરુપે હોય છે.

રાજાએ જુદી જુદી વિદ્યાઓમાં પારંગત થવું જોઇએ. કારણ કે વિદ્યામાં સુશિક્ષિત રાજા પ્રજાને પણ શિક્ષિત બનાવશે અને બધાનું કલ્યાણ ઇચ્છનારો રાજા એક છાત્ર પૃથ્વીનો ભોગ કરી શકશે. (18) અત્યારના સમયમાં પણ પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી જેટલા વૈશ્વિક પરિવરત્નોના જાણકાર હગોય તેટલી દેશ પ્રગતિ કરી શકે એટલું જ નહીં પણ દેશ મહાસત્તા તરીકે પણ ઉભો રહી શકે.

કૌટિલ્યે રાજા અને પુરોહિતના સંબંધને શિષ્ય-ગુરૂ, પુત્ર-પિતા, સેવક-સ્વામી સાથે સરખાવ્યા છે. પુરોહિત અને રાજા વચ્ચે એક પ્રકારની આત્મીયતા છે. જે રાજાને અનેક મુશ્કેલીમાંથી બચાવે છે. અત્યારે પણ દેશના અનેક કર્મનિષ્ઠ દરેક ધર્મ સંપ્રદાયનો દુકાળ, અતિવૃષ્ટિ ભૂકંપ કોઇ અન્ય આપત્તિ વેળાએ રાજા-પુરોહિતના ઉપર્યુક્ત સંબંધની જેમ જ સહાયકર્તા થાય છે. ત્યાં જ્ઞાતિ-જાતિના ભેદને અખંડ દેશ ગણકારતો નથી. એટલે જ રાજા અને તેની સાથે જોડાયેલા મંત્રી, અમાત્ય, પુરોહિત વગેરેને રથના બે પૈડા સમાન ગણી શકાય. જેમનું અસ્તિત્વ એકબીજાને ઉપકારક ચે.

કૌટિલ્યે ધર્મ, અર્થ, કામ નામના પુરુષાર્થોને એકબીજા ઉપર આશ્રિત ગણ્યા છે. તેમજ ત્રણેયનું સમાન રીતે પાલન કરવાનું સૂચિત કર્યુ છે. તેમ છતાં તેમના મતે અર્થ જ મુખ્ય વસ્તુછે. તેમજ ધર્મ અને કામ તેના ઉપર આધાર રાખે છે. (19) અત્યારના સમયમાં પણ રાજ્યની આવકથી રાજ્યના વિકાસની સાથે સાથે રાષ્ટ્રવિકાસમાં ફાળો આપે છે. રાષ્ટ્રની આવક વિદેશ વ્યાપારમાં વધારો કરે છે. એ રીતે સમૃદ્ધ થયેલ દેશના નાગરિકો પણ સુખથી પોતાનું જીવન જીવી શકે.

આમ, અર્થશાસ્ત્રમાં નિરુપતિ વિદ્યા ઉપાર્જન અને વિનય દ્વારા ઉત્તમ શિક્ષણ, રાજા અને નાગરિકોની સમૃદ્ધિ, સેવાભાવિ વૃત્તિ, રાષ્ટ્રપ્રેમમાં થતો વિકરાસ સૂચવ્યો છે. રાજા બનવું એ સમાજનું સૌથી શ્રેષ્ઠ સ્થાન છે. તેથી તેના નવા વિચારો શિક્ષણને આધારિત હોવા જોઇએ. તેમજ તેણે નિયુક્ત કરેલ મંત્રી, અમાત્ય, ગુપ્તચરો એ લોકવ્યવસ્થા, કાયદો, સીમાઓંની રક્ષા કરતા હોવા જોઇએ. જેથી ઉત્તમ વિકાસશીલ સમાજ અને રાષ્ટ્રની વાસ્તવિકતા ઉભી થાય. એ જ આ પ્રસ્તુત અધ્યયનું ધ્યેય છે.

## પાદ ટિપ્પણ

(1) मनुष्याणां वृत्तिरर्थः, मनुष्यवती भूमिरित्यर्थः।

तस्या: पृथिव्या लाभपालनोपायः शास्त्रमर्थशास्त्रमिति ||

अर्थशास्त्र, अधिकरण-15, अ-1, प्रकर-180,पृ-709

(2) आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्वेति विद्याः ।

अर्थशास्त्र, 1.2.1, पृ-9, तदेव

(3) चतस्र एव विद्या इति कौटिल्यः । ताभिर्धर्माधमौ यद्विद्यात्तद्विद्यानां विद्यात्वम् । अर्थशास्त्र 1.2.1, पृ-10, तदेव

(4) प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम्

आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षिकी मता ।।1

अर्थशास्त्र 1.2.1, पृ10, तदेव

(5) आन्वीक्षिकीत्रयीवार्तानां योगक्षेमसाधको दंडः ।

तस्य नीतिर्दण्डनीतिः । .... तस्यामायता लोकयात्रा ।

तस्माल्लोकयात्रार्थी नित्यमुद्यतदंडः स्यात् ।

अर्थशास्त्र 1.4.1, पृ.13, तदेव

(6) विनयमूलो दण्ड: प्राणभृतां योगक्षेमावहः । कृतकः

स्वाभाविकश्च विनयः ।

अर्थशास्त्र – 1.5.2, पृ 14, तदेव

(7) वृत्तचौलकर्मा लिपिं संख्यानं चोपयुंजीत ।

वृत्तोपनयनस्रयीमान्वीक्षिकी च शिष्टेभ्यः वार्तामध्यक्षेभ्य: ।

दण्डनीतिं वक्तृप्रयोक्तृभ्य: ।

अर्थशास्त्र 1.5.2, पृ 15, तदेव

(8) द्रष्यव्य – अर्थशास्त्र, अधिकरण – 3, अध्याय - 14

पृ-305, तदेव

(9) अग्न्यगारगतः कार्य पश्येद्वैद्यतपस्विनाम् ।

पुरोहिताचार्यसखः प्रत्युत्थायाभिवाघ च ।। 2 ।।

तपस्विनां तु कार्याणि त्रैविधैः सह काश्येत् ।

मायायोगविद्यां चैव न स्वयं कोपकारणात् ।।3।।

अर्थशास्त्र-1.19.16, पृ.59, तदेव

(10) विद्याविनयहेतुतुरिन्द्रियजयः कामक्रोधलोभमानमदहर्ष

त्यागात्कार्यः । अर्थशास्त्र -1.6.3,पृ-16, तदेव

वृद्धसंयोगेन प्रज्ञां.... लोकप्रियत्वमर्थसंयोगेन,

हितेन वृत्तिम् । अर्थशास्त्र – 1.7.3, पृ-17, तदेव

(11) पुरोहितमुदितोदितकुशीलं षडंगे वेदे दैवे निमित्ते

दण्डनीत्यां अभिविनीतमापदां दैवमानुषीणामथर्व-

भिरुपायैश्व प्रतिकर्तारे कुर्वीत । तमाचार्य शिष्यः

पितरं पुत्रो भृत्यः स्वामिनमिव चानुवर्तेत ।

ब्राह्मणेनैधितं क्षत्रं मंत्रिमंत्राभिमंत्रितम्।

जयत्यजितमत्यन्तं शास्त्रानुगमशस्त्रितम् ।।1।।

अर्थशास्त्र – 1.9.5, पृ-23, तदेव

(12) कार्यसामथ्यादि पुरुषसामर्थ्य कल्प्यते ।

अर्थशास्त्र 1.8.4, पृ-21, तदेव

सहायसाध्यं राजत्वं चक्रमेकं न वर्तते ।

कुर्वीत सचिवांस्तस्मात्तेषां च श्रृणुयान्मतम् ।। 1

अर्थशास्त्र 1.7.3, पृ-19, तदेव

(13) द्रष्टव्य – अर्थशास्त्र – 1.12.8, पृ-27, 29, तदेव

(14) द्रष्यव्य – अर्थशास्त्र – 1.14.11, पृ-40, तदेव

(15) राज्ञो हि व्रतमुत्थानं यज्ञः कार्यानुशासनम् ।

दक्षिणा वृत्तिसाम्यं च दीक्षितस्याभिषेचनम् ।।4।।

प्रजासुखे सुखं राज्ञः प्रजानां च हिते रतम् ।

नात्मप्रियं हितं राज्ञः प्रजानां तु प्रियं हितम् ।।5।।

तस्मान्नित्योत्थितो राजा कुर्यादर्घानुशासनम् ।

अर्थस्य मूलमुत्थानमनर्थस्य विपर्ययः ।।6।।

अनुत्थाने ध्रुवो नाशः प्राप्तस्यानागतस्य च ।

प्राप्तये क्लमुत्थानाल्लीभते चार्थसम्पदम् ।।7।।

अर्थशास्त्र-1.19, 16, पृ-59, तदेव

(16) स्पधर्मः स्वर्गायानन्त्याय च।

तस्यातिक्रमे लोकः संकादुच्छेधेत ।।

तस्मात्स्वधर्म भूतानां राजा न व्यभिचारयेत् ।

स्वधर्म सन्दधानो हि प्रेत्य चेह च नन्दति ।।1।।

अर्थशास्त्र 1.3.1, पृ-12, तदेव

(17) तस्य नीतिदण्डनीतिः । अलब्धलाभार्था लब्धपरिरक्षिणी

रक्षितविवर्धनी । वृद्धस्य तीर्थेषु प्रतिपादनी च ।

तस्यामायत्ता लोकयात्रा ।

अर्थशास्त्र-1.4.1, पृ-13, तदेव

(18) विधाविनीतो राजा हि प्रजानां विनये रतः ।

अनन्यां पृथिवीं भुक्ते सर्वभूतहिते रतः ।।

अर्थशास्त्र – 1.5.2, पृ-16, तदेव

(19) धर्मार्थाविरोधेन कामं सेवेत । न निःसुखः

स्यात् । समं वा त्रिवर्गमन्योन्यानुबन्धनम् । एको

दृत्सासेवितो धर्मार्थकामानामात्मानमितरौ च

पीड्यति ।। "अर्थ एवं प्रधानं इति कौटिल्यः ।"

अर्थमूलौ हि धर्मकामाविति ।

अर्थशास्त्र – 1.7.3, पृ-18, तदेव

### સંદર્ભગ્રંથો

(1) कौटिलीयं अर्थशास्त्रम्

'ज्झनां हया हिन्दीटीकयाडरीकितम्'

टीकाकार – पाण्डेय समतेज शास्त्री

प्रकाशक – पण्डित पुस्तकालय

राजादरवाजा, वाराणसी – 1

(2) कौटिलीय - अर्थशास्त्रम्

संपादक – श्री वाचस्पति गैशेला

प्रकाशक – चौखम्बा विधाभवन

वाराणसी

आ-4, 2000

(3) कौटिलीय अर्थशास्त्र

ગુજરાતી અનુવાદ

અનુવાદક – સ્વ. જ.પુ.જોષીપુરા

સંપાદક – ડૉ. ગૌતમભાઇ પટેલ

પ્રકાશક – સંસ્કૃત સાહિત્ય અકાદમી

ગાંધીનગર

આ-1, 2006

(4) वैदिक साहित्य और संस्कृति

लेखक – आचार्य बलदेव उपाध्याय

प्रकाशक – वाराणसी, संस्कृत विश्वविधालय

आ-3, 1967

*******************************************************************

ડૉ. ઉર્વશી સી. પટેલ

સી. યુ. શાહ આર્ટસ કોલેજ,

અમદાવાદ.

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat